## <u>રે.દિ.મુ.નં. ૨૫/૨૪ ના કામે આંક–૮ ની મનાઈ હુકમ  અરજી લગત</u>

**૧.** વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની ટુંકમા હકીકત એવા પ્રકારની છે કે,વાદી નં.૧ કોડવાવ મુકામે રહે છે તથા વાદી નં. ૨ તથા ૩ નાઓ સમેગા ગામે રહે છે. વાદીનં.૧ની ખેતીની જમીન માણાવદર તાલુકાના સમેગા ગામની સીમમાં જેના ખેડ ખાતા નં. ૧૦૯૭ મા સર્વે નં.– ૧૧૪ થી આવેલી છે. હેકટર આરે ચો.મી.૦–૮૨–૧૪ તેમજ વાદી નં.૨ની ખાતા નં. ૬૭૭  સર્વ નં.૧૧૫ જેના હેકટર આરે ચો.મી. ૦૨–૦૨–૪૧ તથા વાદી નં.૩ની ખેડખાતા નં.૮૯૭ મા સર્વ નં.૧૧૬ હેકટર આરે ચો.મી.૦૧–૮૦–૯૧ જમીનો આવેલ છે.જે તમામ જમીનો વાદીઓની સ્વતંત્ર માલીની વાદીઓના નામે આવેલ છે.

આ કામના પ્રતિવાદી નં. ૩થી૬ ની જમીનો આ કામના વાદીઓની જમીનોની ઉતરે પુર્વ પશ્ચીમ આવેલ ખરાસાનો રોડ અને ત્યારબાદ પ્રતિવાદીઓ નં.૩ થી ૬ની જમીનો સળંગ દક્ષિણેથી ઉતરે લગોલગ આવેલ છે. વાદીઓની જમીનો જે ઉતરે પુર્વ પશ્ચિમ આવેલ પાળાઓ જે વરસો જુના છે જે પાળાઓ ઉતરે આવેલ રોડમા પાણી ભરાવવાના કારણે વાદીની જમીનની રક્ષણ થાય તે રીતે વરસો જુનો પાળો આવેલ છે. તેજ રીતે વાદી નં.૩ની જમીનની  પશ્ચીમે આવેલ જમીન તથા વાદી નં.૧ ની જમીનના પુર્વ આવેલ જમીન જયા સળંગ પુર્વ તરફ આવેલ તમામ જમીનો આવેલ છે તે તમામ જમીનોની ઉતરે રોડ તરફ વરસો જુના પાળાઓ આવેલ છે તે તમામ પાળાઓ આવેલ ખરાસા વાળા રોડ કે જેમા પુર્વથી પશ્ચીમ તરફ કુદરતી વરસાદી પાણી જે આવે છે તે વરસાદી પાણી જમીનોમા ન જાય જેના કારણે જમીનને નુકશાન થાય તેવા માત્ર ઈરાદા સાથે જમીનોના રક્ષણ કરવાના ઈરાદે વરસો જુના પાળા આવેલ છે.

વધુમાં વાદી તર્ફે એ મતલબની રજુઆત છે કે, ઉતર તરફ સમેગા ગામથી ગઢાણા જે પુર્વ પશ્ચીમ જાહેર રોડ આવેલ છે જે રોડેથી દક્ષિણ તરફ ખરાસ માર્ગ વાળી ગાળી જે દક્ષિણેથી પશ્ચીમ તરફ આગળ આવતા ફરીથી દક્ષિણ આગળ આવી વળાંક લઈ પશ્ચીમ તરફ આગળ આવતા જે આ કામના વાદીઓની ઉતરે અને પ્રતિવાદી નં.૩થી૬ ની જમીનોની દક્ષિણે સળંગ આ ગાળી જે પશ્ચીમે આગળ જાય છે. તે રીતે સમેગાથી ગઢાણા જાહેર રોડેથી પુર્વ થી પશ્ચીમ તરફ કુદરતી વરસાદી પાણી જે આ ગાળીએથી પસાર થઈને પશ્ચીમે આગળ જાય છે. કુદરતી વરસાદી પાણીના વહેણનો માર્ગ જે પુર્વથી પશ્ચીમે વરસોથી આવેલ છે જે ખરાસ વાળી ગાળીની દક્ષિણે તથા ઉતરે આવેલ જમીનો જે તમામ જમીનદારોએ પોતે પોતાની જમીનોના રક્ષણ માટે વરસો જુના પાળાઓ આવેલા છે. તે જ રીતે વાદીઓની જમીનોના ઉતરે પુર્વ પશ્ચીમ ખરાસ માર્ગ તરફ વરસો જુના પાળા આવેલ છે તે જ રીતે પ્રતિવાદી નં.૩થી૬ ની જમીનોની દક્ષિણે ખરાસ વાળી ગાળીએ તે તરફ તેમનો પાળો આવેલ છે. તે જ રીતે પ્રતિવાદી નં.૩થી૬ ની જમીનોની દક્ષિણે ખરાશ વાળી ગાળીએ તે તરફ તેમનો પાળો આવેલ છે તે જ રીતે પ્રતિવાદી નં. ૩ થી ૬ ની જમીનની પુર્વે ઉતર– દક્ષીણ પાળો તેમજે ઉતરે પુર્વ – પશ્ચીમ પાળો આવેલ છે. જે તમામ હકીકત મામલતદાર કચેરી સમક્ષ ચાલતા દાવાના કામમાં રેકર્ડ ઉપર આવેલ છે

વધુમાં વાદીના જણાવ્યા મુજબ કુદરતી વરસાદી પાણીના વહેણનો માર્ગ પુર્વ થી પશ્ચિમ એ આવેલ છે. તેજ રીતે ઉતરે તથા દક્ષીણે તમામ જમીનોના પોતાની જમીનના રક્ષણ માટે વર્ષો જુના પાળા આવેલ છે વાદીઓની જમીનના રક્ષણ માટે પુર્વ થી પશ્ચિમ જે પાણી આવે છે તે પાણી વાદીની જમીનમાં ભરાઈ નહી જેના

કારણે વાદીની જમીનમાંથી ઉત્પાદન મેળવી શકે નહી તે રીતે વર્ષો જુના પાળા આવેલ છે.

આ હકીકત હોવા છતા આ કામના પ્રતિવાદીઓ નં. ૩ થી ૬ નાઓએ વાદીઓને માત્ર હેરાન કરવાના ઈરાદે કુદરતી વરસાદી પાણીના વહેણનો માર્ગ પુર્વથી પશ્ચીમ હોવા છતા મામલતદાર કોર્ટ કેસ નં. ૧૪/૨૦૨૩ થી દાખલ કરેલ જેમા વાદીઓએ વિગતવાર જવાબ, નકશો તથા આધાર પુરાવા રજુ કરેલ હોવા છતા માણાવદર મામલતદાર કચેરીએ વાદીઓ વિરૂધ્ધ ઠરાવ આપેલ મામલતદાર કચેરી સમક્ષ સ્પષ્ટ રીતે પંચરોજકામમાં હકીકતો રેકર્ડ ઉપર આવેલ હોવા છતા અને જે હકીકતોનું મામલતદાર કોર્ટે ઉલ્લેખ પણ કરેલ છે કે આ કામના પ્રતિવાદી નં. ૩ થી ૬ નાએ પોતાની જમીનમાં પુર્વ બાજુના શેઢે આશરે ૪ થી ૫ ફુટ જેટલો ઉચો અને ૩ થી ૪ ફુટ પહોળો અને ૩૦૦ ફુટ જેટલો લાંબો માટીનો પાળો આશરે ૩૦ થી ૩૫ વર્ષ પહેલા બનાવેલ છે. તેમજ ઉતર અને દક્ષીણ છેડે આશરે ૪ થી ૫ ફુટ જેટલો ઉચો અને ૩ થી ૪ ફુટ જેટલો પહોંળો અને ૧૦૦ ફુટ જેટલો લાંબો બન્ને બાજુ માટીનો પાળો આશરે ૩૦ થી ૩૫ વર્ષ જુનો બનાવવામાં આવેલ છે. જે હકીકત રેકર્ડ પર આરેલ હોવા છતા આ હકીકત ધ્યાને લીધા વગર ઠરાવ આપવામાં ગંભીર ભુલ કરેલ છે. તેમજ મામલતદાર કચેરીએ તારીખઃ– ૦૬/૦૭/૨૦૨૩ ના રોજ ખરાઈ અહેવાલ તથા તારીખઃ– ૨૭/૦૬/૨૦૨૩ ના રોજ જે પંચ રોજકામ કરેલ છે તે ફકત અનુમાનને આધારીત છે અને પુરાવો લીધા સીવાય તે નિર્ણય થઈ શકે તેમ નથી. મામલતદાર કચેરીએ જે પંચ રોજકામ કરેલ છે તેની સાથે રફ નકશો રજુ કરવામાં આવેલ છે. જે નકશામાં પણ આજુ બાજુના ખેતરો તથા પ્રતિવાદી નં. ૩ થી ૬ ના ખેતરોમાં પાળાઓ અંગે સ્પષ્ટ ઉલ્લેખ છે. વાદીઓની જમીનની ઉતરે પુર્વ પશ્ચીમ

જે વર્ષો જુના માટીના પાળા આવેલ છે તે વાદીના જમીનોના રક્ષણ માટે છેલ્લા આશરે વીસ વર્ષ ઉપરાંતના સમયથી આવેલા છે અને જે પાળા દુર કરવામાં આવે તો વાદીઓને ભયંકર પ્રકારની મુશ્કેલી અને અગવડતા ઉભી થાય અને પૈસામાં પહોંચી ન શકાય તેવુ નુકશાન ઉભુ થાય તેમ હોય વાદગ્રસ્ત મામલતદારશ્રીનો હુકમનો અમલ અટકાવવા વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે.

દાવાનો આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી મામલતદારશ્રીના હુકમની અમલવારી અટકાવવા તેવો વચગાળાનો મનાઈ હુકમ માંગેલ છે.

૨. વાદીના દાવા તથા મનાઈ હુકમ અરજીની બજવણી પ્રતિવાદી નં. ૧ અને પ્રતિવાદી નં. ૨ નાઓને થતાં વકીલશ્રી માફરતે હાજર થઈ આંક–૧૮ થી વાદીનો દાવો તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરી એ મતલબની તકરાર ઉપસ્થિત કરેલ છે કે, માલતદારશ્રીએ કેસ ધોરણસર ચલાવી નિર્ણય કરેલ છે અને તે મુજબ સ્થળ સ્થિતીનું તટસ્થ પંચો રૂબરૂ ખરાઈ કરવામાં આવેલ અને તે મુજબ આ કામના વાદીઓએ દાવો દાખલ થયાના છ માસની અંદર માટીના પાળા કરી લેતા કુદરતી પાણીના પ્રવાહને અવરોધ થાય છે જેથી સામા પક્ષના જમીનને નુકશાન થાય છે. જેથી વાદીનો દાવો રદ્ધ કરવા અરજ કરેલ છે.

વાદીના દાવા તથા મનાઈ હુકમ અરજીની બજવણી પ્રતિવાદી નં. ૩ થી ૬ નાઓને થતાં વકીલશ્રી માફરતે હાજર થઈ આંક–૩૨ થી વાદીનો દાવો તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરી એ મતલબની તકરાર ઉપસ્થિત કરેલ છે કે, વાદીઓએ તેમની જમીનોની ઉતરે પુર્વ પશ્ચીમ પાળાઓ હાલ પાછળથી નવા બનાવેલા હોય અને જે હકીકત મામલતદાર કોર્ટ એકટ હેઠળ ચાલેલ કેસમાં સ્પષ્ટપણે સાબીત થાય છે કે મામલતદા કોર્ટ એકટ હેઠળના મામલતદાર કોર્ટ

કેસ નં. ૧૪/૨૦૨૩ થી ચાલેલ દાવામાં રેકર્ડ ઉપરના આવેલ પુરાવાઓ સ્થળ સ્થીતી ની હકીકતો વિગતો અને રજુઆતો ને ધ્યાને લઈ કાયદેસરનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં પ્રતિવાદી નં. ૩ થી ૬ તર્ફે એ મતલબની રજુઆત છે કે, આ કામના વાદીઓ અને પ્રતિવાદીઓની આસ પાસની આવેલી જમીનોમાં કુદરતી પાણીના નીકાલ અર્થે જે જમીનો આવેલી છે તે તમામ જમીનોના માલિકોએ તેઓની જમીનના આવેલ ઢાળ મુજબ અને જરૂરીયાત મુજબના પાળાઓ વર્ષોથી કરેલા છે અને તે જ પ્રમાણે પ્રતિવાદી નં. ૩ થી ૬ નાઓની જમીનનું કુદરતી પાણી આ કામના વાદીઓની જમીન બાજુ થઈ આગળ જાય છે અને તે પ્રમાણે વર્ષોથી તેનો નિકાલ થતો આવે છે. આમ છતા આ કામના વાદીઓએ પાછળથી તેમની જમીનની ઉતરે એટલે કે પ્રતિવાદીઓની જમીનની દક્ષીણે નવીન પાળાઓ તાજા બનાવી પ્રતિવાદીની જમીનનું કુદરતી પાણીનું અંતરાય કરેલ હોવાનું કૃત્ય કરેલ હોય મામલતદારશ્રી એ મામલતદાર કોર્ટ એકટ હેઠળ કાયદાની રૂ એ હુકમ કરેલ હોય અને આ હુકમની અમલવારી પણ થઈ ગયેલ હોય હાલનો દાવો ઈનફ્રકચ્યુઅસ થઈ જાય છે. જેથી હાલનો દાવો કાયદાની પ્રોસેસ નો દુરઉપયોગ કરી દાખલ કરેલ હોય હાલનો દાવો રદ્દ કરવા અરજ કરેલ છે.

૩. પક્ષકારોના વિ. વ. શ્રી ની દલીલો સાંભળી. પ્રતિવાદી નં. ૩ થી ૬ તરફે આંક–૩૪ થી રજુ થયેલ લેખીત દલીલ ધ્યાને લીધી.

૪ આ અરજીના મારા નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું વાદીઓ પુરવાર કરે છે કે તેઓને પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું વાદીઓ પુરવાર કરે છે કે સગવડ–અગવડની સમતુલા તેઓની તરફેણમાં

છે ?

૩. શું વાદીઓ પુરવાર કરે છે કે જો તેઓનો માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં નઆવે તો તેઓને નાણામાં ભરપાઈ ન શકે તેવું નુકસાન થવા સંભવ છે ?

૪. શું હુકમ ?

૫. ઉપરોકત મુદ્દા ઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ

૬. ઉપરોકત નિર્ણયોના કારણો મારા અભીપ્રાય પ્રમાણે નીચે મુજબ છે.

**<u>// કારણો//</u>**

૭. **<u>મુદ્દા નંબર ૧ થી ૩ ની ચર્ચા</u>**

આ કામે તમામ મુદ્દાઓ હકીકતથી પરસ્પર એક બીજા સાથે સંકળાયેલા હોય, આ તમામ મુદ્દાઓની ચર્ચા અહીં સંયુકતરીતે કરવામાં આવેલી છે.

આ કામે પક્ષકારો તરફે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં પહેલાં અહીં એ નોધવું જરૂરી છે. કે મનાઈ હુકમની દાદ એ સમન્યાયી દાદ છે.અને સમન્યાયી અદાલત દાવા તારીખની સ્થિતિને લક્ષમાં લઈ ને હુકમ કરે છે.મનાઈ હુકમ રૂટીન કોર્ષમાં મંજુર થઈ શકે નહિ પરંતુ પ્રથમદર્શનીય રીતે કેસ ફલીત થતો હોય ત્યારે મંજુર થવા પાત્ર હોય છે. માત્ર પ્લીડીંગ્સના આધારે મજબુત કેસ ગણી શકાય નહિ.

પ્રથમદર્શનીય કેસ, સગવડતાની સમતુલા અને ભવિષ્યમાં નાણામાં ના આંકી શકાય તેવુ નુકસાન પ્રથમદર્શનીય રીતે પુરવાર થવુ જરૂરી છે. મનાઈ હુકમ એ વિવેકબુધ્ધીની દાદ છે, કોઈ વ્યકિત હકકની રૂએ મનાઈ હુકમ માંગી શકે નહિ. મનાઈ હુકમ મંજુર કરતી વખતે કે નામંજુર કરતી વખતે રેકર્ડ ઉપરથી હકીકતો લક્ષમાં રાખી પ્રથમદર્શનીય રીતે નિર્ણય કરવાનો રહે છે. મનાઈહુકમની દાદ એ સમન્યાયી દાદ હોવાથી જે વ્યકિત દાદ માંગે તેણે અદાલતને સ્પષ્ટપણે બતાવવુ જોઈએ કે તેના તરફે કોઈ ફોલ્ટ નથી અને વધુમાં વાદીએ સ્વતંત્ર રીતે તેઓનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવાનો રહે છે. અને તે માટે તેઓ સામાપક્ષના કેસની નબળાઈ ઉપર આધાર રાખી શકે નહિ.આજ હકીકતના પરીધમાં આ દાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો વાદીએ પ્રથમદર્શનીય એ સાબીત કરવાનું રહે છે કે, મામલતદારશ્રી માણાવદર તાલુકાએ મામલતદાર કોર્ટ એકટની કોઈ જોગવાઈઓનું પાલન કરેલ ન હોય અને સદરહું એકટના પ્રબંધોનો ભંગ કરી ગેરકાયદેસર કાર્યવાહી કરી મામલતદાર કોર્ટ કેસ નં.૧૪/૨૦૨૩ માં હુકમ કરેલ હોય જે હુકમથી દાવાવાળી મિલ્કતમાં રહેલ વાદીના કાનુની હકકને હાની થાય તેમ છે.

વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવા માટે એ બતાવવુ પડે કે, દાવામાં મહત્વના અને ગંભીર પ્રશ્નોની ઈન્સાફી કાર્યવાહી થવાની છે અને હકકોનો નિર્ણય કરવાનો છે,જેમાં તે સફળ થાય તેવી પુરેપુરી શકયતા છે અને વાદીએ પોતાના હકકોના રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ માંગેલ છે જેથી તે પોતાના હકકો પ્રસ્થાપિત કરવામાં સફળ થાય તેમ છે. વાદીએ પોતાના દાવાના સમર્થનમાં નિ. ૭/૧થી મામલતદાર કોર્ટ કેસ નં.૧૪/૨૦૨૩ ની અરજી, નિ.૫/૨ થી વાદગ્રસ્ત સ્થાનીક જગ્યાનો રફ નકશો રજુ કરેલ છે. તેમજ આ કામે પ્રતિવાદી નં. ૧ અને ૨

નાઓએ માર્ક– ૨૧/૨ થી પંચરોજકામ તથા નકશો રજુ કરેલ છે.

વાદી તરફે એ મતલબની રજુઆત છે કે, વાદીઓને માત્ર હેરાન કરવાના ઈરાદે કુદરતી વરસાદી પાણીના વહેણનો માર્ગ પુર્વથી પશ્ચીમ હોવા છતા પ્રતિવાદી તરફે માલમતદાર કોર્ટ કેસ નં. ૧૪/૨૦૨૩ થી દાખલ કરેલ જેમા વાદીઓએ વિગતવાર જવાબ, નકશો તથા આધાર પુરાવા રજુ કરેલ હોવા છતા માણાવદર મામલતદાર કચેરીએ વાદીઓ વિરૂધ્ધ ઠરાવ આપેલ મામલતદાર કચેરી સમક્ષ સ્પષ્ટ રીતે પંચરોજકામમાં હકીકતો રેકર્ડ ઉપર આવેલ હોવા છતા અને જે હકીકતોનું મામલતદાર કોર્ટે ઉલ્લેખ પણ કરેલ છે કે આ કામના પ્રતિવાદી નં. ૩ થી ૬ નાએ પોતાની જમીનમાં પુર્વ બાજુના શેઢે આશરે ૪ થી ૫ ફુટ જેટલો ઉચો અને ૩ થી ૪ ફુટ પહોળો અને ૩૦૦ ફુટ જેટલો લાંબો માટીનો પાળો આશરે ૩૦ થી ૩૫ વર્ષ પહેલા બનાવેલ છે. તેમજ ઉતર અને દક્ષીણ છેડે આશરે ૪ થી ૫ ફુટ જેટલો ઉચો અને ૩ થી ૪ ફુટ જેટલો પહોંળો અને ૧૦૦ ફુટ જેટલો લાંબો બન્ને બાજુ માટીનો પાળો આશરે ૩૦ થી ૩૫ વર્ષ જુનો બનાવવામાં આવેલ છે. જે હકીકત રેકર્ડ પર આવેલ હોવા છતા આ હકીકત ધ્યાને લીધા વગર ઠરાવ આપવામાં ગંભીર ભુલ કરેલ છે. તેમજ મામલતદાર કચેરીએ તારીખઃ– ૦૬/૦૭/૨૦૨૩ ના રોજ ખરાઈ અહેવાલ તથા તારીખઃ– ૨૭/૦૬/૨૦૨૩ ના રોજ જે પંચ રોજકામ કરેલ છે તે ફકત અનુમાનને આધારીત છે અને પુરાવો લીધા સીવાય તે નિર્ણય થઈ શકે તેમ નથી. મામલતદાર કચેરીએ જે પંચ રોજકામ કરેલ છે તેની સાથે રફ નકશો રજુ કરવામાં આવેલ છે. જે નકશામાં પણ આજુ બાજુના ખેતરો તથા પ્રતિવાદી નં. ૩ થી ૬ ના ખેતરોમાં પાળાઓ અંગે સ્પષ્ટ ઉલ્લેખ છે. વાદીઓની જમીનની ઉતરે પુર્વ પશ્ચીમ જે વર્ષો જુના માટીના પાળા આવેલ છે તે વાદીના જમીનોના રક્ષણ માટે છેલ્લા

આશરે વીસ વર્ષ ઉપરાંતના સમયથી આવેલા છે હાલના તબકકે જયારે વચવાળા અરજી નિર્ણય કરવાની હોય સદરહું વાદી પોતાના દાવમાં જે હકીકત જણાવેલ છે તે હકીકત પુરાવો લીધા સિવાય નકકી થઈ શકે નહી વાદી તરફે મામલતદારશ્રી દવારા કાનુની જોગવાઈઓનો ભંગ કરીને મામલતદાર કોર્ટ કેસ નં.૧૪/૨૦૨૩ નો હુકમ કરેલ હોવાની રજુઆત છે. વાદી દાવા અરજીમા રસ્તા બાબતે જે દીવાની અધિકાર ધરાવે છે તે અધિકાર દાવામાં પુરાવો લીધા સીવાય પુરવાર થઈ શકે નહી. તેવા સંજોગોમા વાદી પોતાની પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી.

આમ, વાદી દાવાવાળી તકરાર બાબતે પોતાનો પ્રાયમાફેસી કેસ પુરવાર કરી શકેલ ન હોય ત્યારે વચગાળાના મનાઈ હુકમથી પક્ષકારોને થતી અનુકુળ પ્રતિકુળ અસરોનુ તુલનાત્મક મુલ્યાકંન કરવુ જરુરી બને છે. જેને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ કહેવામાં આવે છે. વાદી પોતાની તરફેણમાં અગવડતા સગવડતાની સમતુલા કે, નાંણામાં ન આપી શકાય તેવુ નુકશાન પણ પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.–૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// હુ ક મ //

વાદીની આંક–૮ મનાઈ અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

હુકમ આજ તારીખ ૨૬ મી માહે માર્ચ સને–૨૦૨૫ ના રોજ ખુલ્લીઅદાલતમાં વાદી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૬/૦૩/૨૦૨૫
મુ. વંથલી

( આઈ.એ.શેખ )
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
વંથલી.